નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, રૂસ્તમ કામા માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન/ નં ૦૭૯-૨૫૫૦૨૩૪૯, ફેકસ નં.- ૦૭૯-૨૫૫૦૨૩૫૭.
સુરક્ષા સ્વાસ્થ્ય

ક્રમાંક/ડીઆઇએસએચ/એ-કાયદા/૨૦૨૪/ ૧૦૧૯ તારીખ:૨૨/૦૬/૨૦૨૪

વિષય:- સિધ્ધિ ગ્રીન એક્ષેલન્સ પ્રા.લી., કમલઆર્કેડ, ધ વર્ટીકલ સન ક્લોક,પ્લોટનં- સી-૩/૩, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે, જી.આઇ.ડી.સી..સ્ટેશન રોડ, અંકલેશ્વર. જી. ભરુચ-૩૯૩૦૦૨ ને કારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપતી સંસ્થા તરીકે મળેલ માન્યતા રીન્યુઅલ મંજુરી આપવા અંગે.....

વંચાણે લીધા:-(૧) સિધ્ધિ ગ્રીન એક્ષેલન્સ પ્રા.લી., કમલઆર્કેડ, ધ વર્ટીકલ સન ક્લોક,પ્લોટનં- સી-૩/૩,સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે, જી.આઇ.ડી.સી.. સ્ટેશન રોડ, અંકલેશ્વર. જી. ભરુચ-૩૯૩૦૦૨ નો તા, ૦૪/૦૬/૨૦૨૪ નો પત્ર.

(૨) અત્રેની કચેરીના તા.૧૧/૦૭/૨૦૨૨ નો હુકમ ક્રમાંક:ડીઆઇએસએચ/એ-કાયદા/ ૯૧૮/૨૦૨૨

ક્રમાંક: (૧) થી વંચાણે લીધેલ સિધ્ધિ ગ્રીન એક્ષેલન્સ પ્રા.લી.,કમલઆર્કેડ, ધ વર્ટીકલ સન ક્લોક,પ્લોટનં- સી-૩/૩, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે, જી.આઇ.ડી.સી.. સ્ટેશન રોડ, અંકલેશ્વર. જી. ભરુચ-૩૯૩૦૦૨.દ્વારા કારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપવા સંસ્થા તરીકે મળેલ માન્યતા રીન્યુઅલ મંજૂરી આપવા તા ૦૪/૦૬/૨૦૨૪ ના પત્રથી રજૂઆત કરેલ છે. ઉકત ક્રમાંક: (૨) થી વંચાણે લીધેલ આ કચેરીના તા.૧૧/૦૭/૨૦૨૨ ના હુકમથી થી બે વર્ષ માટે મંજુરી આપવામાં આવેલ.

## -૦ હુકમ ૦-

ઉક્ત ક્રમાંક: (૧) તેમજ (૨) અન્વયેના પત્રોને અનુલક્ષીને કારખાના ધારા-૧૯૪૮ની કલમ-૧૧૧(એ)થી નિયામક, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, અમદાવાદને મળેલ સત્તાની રૂએ સિધ્ધિ ગ્રીન એક્ષેલન્સ પ્રા.લી.,કમલઆર્કેડ, ધ વર્ટીકલ સન ક્લોક,પ્લોટનં- સી-૩/૩, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે, જી.આઇ.ડી.સી..સ્ટેશન રોડ, અંકલેશ્વર. જી. ભરુચ-૩૯૩૦૦૨ ને કારખાનાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપતી સંસ્થા તરીકે મળેલ માન્યતા ક્રમાંક:(૨) ની રીન્યુઅલ મંજુરી ને કારખાનાના કામ કરતાં શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપવા માટે નીચેની શરતોએ આથી મંજુરી આપવામાં આવે છે.

-: <u>શરતો</u> :-

૧. આ મંજુરી આ પત્રની તારીખથી બે વર્ષ માટે અમલમાં રહેશે.

૨. દરેક તાલીમાર્થીને તાલીમ અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. જેમાં મંજુરીનો પત્ર ક્રમાંક, તારીખ તથા મંજુરીનો સમય ગાળો દર્શાવવાનો રહેશે.

3. શ્રમયોગીઓને આપવામાં આવેલ તાલીમ અંગેની માહિતી નીચેના પ્રફોર્મામાં ત્રિમાસિક (એટલે કે જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી, એપ્રીલ મહિનાની ૧લી તારીખથી, જુલાઇ મહિનાના ૧લી તારીખથી,અને ઓકટોબર મહિનાની ૧લી તારીખથી શરૂ થતાં સળંગ ત્રણ મહિનાનો સમય)ધોરણે ત્રણ માસ પુરા થયેથી દિન-૭ માં ડાયરેકટર, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજય, અમદાવાદને તથા સ્થાનિક કચેરીને મોકલવાની રહેશે.

<u>પ્રફોર્મા</u>

| અ. નં | શ્રમયોગીનું નામ અને હોદ્દો | કારખાનાનું નામ | તાલીમની તારીખ | તાલીમનો વિષય |
|---|---|---|---|---|
| | | | | |

૪. મંજુરી અપાયેલ સંસ્થાએ તાલીમ આપ્યા બાબતનું ઉપર મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને ડાયરેકટર, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, અમદાવાદને તથા તેમના તાબા હેઠળના અન્ય અધિકારી મુલાકાત સમયે માંગે ત્યારે રજુ કરવાનું રહેશે.

૫. આ ખાતાના કોઇપણ અધિકારી સંસ્થાની અચાનક સ્થળ મુલાકાત લઇ શકશે અને મુલાકાત દરમ્યાન જો કોઇ અનિયમિતતા જણાશે તો આ મંજુરી રદ કરવામાં આવશે.

૬. મંજુરી હુકમની મુદત પુરી થયા તારીખથી એક માસ અગાઉ રીન્યુઅલ અરજી કરવાની રહેશે.અન્યથા મંજુરી આપોઆપ રદ થયેલી ગણાશે.

૭. કોઇ પણ શરતોનો ભંગ જણાશે તો આપેલ મંજુરી રદ કરવામાં આવશે.

૮. આ મંજુરીનો ઉપયોગ અદાલતમાં કરી શકાશે નહીં.

P.N. Shah

Director Industrial Safety & Health
AHMEDABAD
Gujarat State

ડાયરેકટર,
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ,
ગુજરાત રાજય, અમદાવાદ.

પ્રતિ,

કબજેદારશ્રી,

સિધ્ધિ ગ્રીન એક્ષેલન્સ પ્રા.લી.,
કમલઆર્કેડ, ધ વર્ટીકલ સન ક્લોક,પ્લોટનં- સી-૩/૩, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાસે, જી.આઇ.ડી.સી..
સ્ટેશન રોડ, અંકલેશ્વર. જી. ભરુચ-૩૯૩૦૦૨

<u>નકલ રવાના</u> :- <u>જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.</u>

(૧) જોઇન્ટ ડાયરેકટરશ્રી, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, સુરત.

(૨) ડેપ્યુટી ડાયરેકટરશ્રી, ઇન્ડઇસ્ટ્રીટયલ સેફટી એન્ડ હેલ્થ,ભરુચ.